**<u>સ્પે.દિ.મુ.નં. ૩૧૩/૨૦૦૮ ના કામે આંક–૧ નીચે હુકમ</u>**

– આજ રોજ પક્ષકારો કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. કેસનુ રેકર્ડ વંચાણે લેતાં સદર દાવો ૧૧ વર્ષ જુનો છે. સદર દાવામાં વાદી વકીલશ્રીએ તા.૧૩/૧૦/૨૦૧૯ નાં રોજ વાદી વકીલ તરીકે છૂટા થવાની અરજી આર.પી.એડી. થી મોકલી આપેલ જેની બજવણીનો રીપોર્ટ નિશાની–૩૧/૧ ની સાથે પોસ્ટનો રીપોર્ટ રજૂ થયેલ છે. જે નોટીસ તેઓને મળી ગયેલ છે. ત્યાર બાદ અત્રેની કોર્ટથી પણ નોટીસ કાઢવામાં આવેલ છે જે બજેલ કે વગર બજે પરત આવેલ નથી. સદર કેસ ૧૧ વર્ષ જુનો હોય વાદી તરફે કોઈ વકીલ પણ રજૂઆત કરતા નથી કે મુદ્દત અરજી આપતા નથી. જેથી વાદીને આ કામ આગળ ચલાવવામાં રસ ન હોય તેવું જણાઈ આવે છે. નામદાર સુપ્રિમ કોર્ટ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટની મૌખિક તેમજ લેખિતમાં અવાર નવાર સુચનાઓ આપવામાં આવેલ છે કે પાંચ વર્ષ જુના કેસો ઝડપથી આગળ ચલાવી નિકાલ કરવો. આ કામે વાદીએ આજ દિન સુધી અન્ય કોઈ પુરાવો રજૂ કરેલ નથી અને પ્રતિવાદી પક્ષે પણ કોઈ હાજર રહેતુ ન હોય જેથી પક્ષકારોને પોતાનો કેસ આગળ ચલાવવામાં રસ ન હોય તેવું જણાઈ આવે છે. જેથી સી.પી.સી. ઓર્ડર–૯, રૂલ–૩ ની જોગવાઈઓને આધિન હાલનો કેસ ડીસમીસ કરવામાં આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તા.૦૬/૦૧/૨૦૨૦ નાં રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

(બી. આર. વાઘેલા)
GJ00993
બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ
અમદાવાદ(ગ્રામ્ય), મીરઝાપુર.